## પ્રકરણ .૧

## સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની જોગવાઇઓ મુજબ પંચાયતી રાજ માળખાનું ગઠન સુદ્રઢ કરવું. રાજયના વિકાસ કાર્યોના લાભ છેવાડાના માનવી સુધી પહોંચી શકે તે માટે અસરકારક અમલીકરણ માટેની નીતીઓનું ઘડતર અને અનુરૂપ આ અધિનિયમનો અભ્યાસ કરીને સમયાંતરે જરૂરિયાત મુજબ તેમાં સુધારા - વધારા કરવા. નિયમો બનાવવા આ વિભાગનું મુખ્ય કાર્ય છે.

- કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ યોજના અંતર્ગત ત્રિસ્તરીય પંચાયતીરાજના પદાધિકારીઓને તાલીમ આપી વધુ મજબૂત તથા ગતિશીલ બનાવવા અંગેની કામગીરી અને તેઓની કાર્યક્ષમતા વધારવાની કામગીરી પણ આ વિભાગ કરે છે.
- રાજય સરકારનો વહવીટ સ્વચ્છ અને પારદર્શક બની રહે તે માટે પંચાયત સંવર્ગના ભરતી નિયમો ઘડવા તથા સમયાંતરે તેમાં સુધારા-વધારા કરવાની સઘળી બાબતો
- ત્રિસ્તરીય પંચાયતોના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના પંચાયતી રાજ હિસાબ સમિતિના અને લોકલ ફંડ એકઝામિનરના ઓડીટ પારાને લગતી સઘળી કામગીરી ઉપરાંત પંચાયતોને નાણાંની ફાળવણી માટેની નાણાં પંચને લગતી કામગીરી આ વિભાગ કરે છે.
- ગ્રામ્ય વિસ્તારોના ઘર વિહોણા ખેત મજૂરોને મફત પ્લોટ આપવાની તથા રહેઠાણ માટે જરૂરી નાણાંકીય સહાય મેળવી આપવાની કામગીરી આ વિભાગ કરે છે.
- ગ્રામ પંચાયતોને સુવિધા આપવા અંગેની યોજનાકીય કામગીરી